| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૨૫/૦૭/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

## સમાચાર યાદી નં.૧૨૩૮/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૦૯૮ | ૧૪ | ૧૦૧૧૨ | ૧૬૧૫૨ | ૧૪ | ૧૬૧૬૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૦૯ | ૫ | ૪૩૧૪ | ૫૮૨૫ | ૫ | ૫૮૩૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૩૦૩૫ | ૧૧૯ | ૧૩૧૫૪ | ૧૩૫૨૯ | ૧૫૦ | ૧૩૬૭૯ |
| | કુલ | ૨૭૪૮૫ | ૧૩૮ | ૨૭૬૨૩ | ૩૫૭૦૯ | ૧૬૯ | ૩૫૮૭૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૭ | ૯,૪૨,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૫૪૧ | ૭,૦૮,૨૦૦/- |

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## રાણીપ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં ૫૦૫૪/૨૦૧૯ પ્રોહી કલમ ૬૬(બી),૬૫એ,ઇ, ૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબના ગુનામા છેલ્લા સવા વર્ષથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ તથા અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ તથા અ.પો.કો વિજયસિહ બાબુભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમીથી રાણીપ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં ૫૦૫૪/૨૦૧૯ પ્રોહી કલમ ૬૬(બી),૬૫એ,ઇ,૧૧૬ (બી),૮૧,૯૮(૨) મુજબના ગુનામા નાસતા-ફરતા આરોપી આશિફ ઉર્ફે અંકીત ઇકબાલહુસેન શેખ ઉ.વ ૩૩ રહે,મુસ્લીમ મહોલ્લો હુસેની ચોક નરોડા ગામ નરોડા અમદાવાદ શહેર હાલ રહે,મ.નં ૧ સનબીમ રો-હાઉસ ખુશ્બુ બેકરીની સામે રસુલાબાદ શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેરનાને શાહઆલમ ફરાહ કોમ્પલેક્ષ પાસેથી આજરોજ તા ૨૪/૦૭/૨૦૨૦ ના કલાક ૧૯/૩૦ વાગે પકડી પાડી રાણીપ પોલીસ સ્ટેશનને સોપવામા આવેલ છે તા.૨૪/૦૭/૨૦૨૦



# પેરોલ જમ્પના આરોપીની અટકાયતની વિગત

**ઇસનપુર પોલીસ સ્ટેશન :-**

## એન.ડી.પી.એસના ગુનામાં કાચા કેદી તરીકે જેલમા રહેલ અને પેરોલ રજા ઉપરથી ફરાર થઇ ગયેલ આરોપીને પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા-ફરતા તથા પેરોલ/ફર્લો/વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓને શોધી કાઢવા સારૂ સુચના મળેલ હોય જે બાબતે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ તા ૨૪/૦૭/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા ચોકીદાર બાવાની દરગાહ પાસે હજામની દુકાનમાથી અ.હેડ.કોન્સ મો.અશરફ ઇસ્માઇલભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભાનાઓને મળેલ સયુક્ત બાતમી આધારે એન.ડી.પી.એસના ગુનામા પકડાયેલ અને કાચા કેદી તરીકે જેલમા સજા ભોગવી રહેલ આરોપી ઉસ્માનગની ઉર્ફે ઉસ્લો સ/ઓ અબ્દુલરહેમાન તલાટ ઉ.વ ૪૩ રહે, મ.નં ૧૩ નાગોરીની ચાલી શફી મંજીલની પાસે શાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેરનાનો સાબરમતી જેલમાથી તા ૨૧/૧૨/૨૦૧૯ ના રોજ પેરોલ રજા ઉપર છુટેલો અને તા ૨૪/૧૨/૨૦૧૯ ના રોજ પરત જેલમા હાજર થવાનુ હતુ પરંતુ તે જેલમા પરત હાજર ન થઇ ફરાર થઇ ગયેલ તેને ચોકીદાર બાવાની દરગાહ હજામની દુકાનમાથી આજરોજ તા ૨૪/૦૭/૨૦૨૦ ના કલાક ૧૭/૩૦ વાગે પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે તા ૨૪/૦૭/૨૦૨૦



# <u>પ્રોહીબીશનના આરોપીની અટકાયતની વિગત</u>

## અમરાઇવાડી પોલીસ સ્ટેશન :-

### <u>પ્રોહિ.નો ગણનાપાત્ર કેસ કરતી અમરાઇવાડી પોલીસ</u>

મે.પો.કમિ.શ્રી અ’વાદ શહેર તથા અધિક પો.કમિ. શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી “આઇ” ડીવીજન સાહેબનાઓ તરફથી પ્રોહી/જુગારની ગેરકાયદેસર ચાલતી પ્રવૃત્તિ નેસ્તેનાબુદ કરવા મળેલ સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એન.એલ.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ એન.એમ.બારોટ તથા એલ.આર. આશિષ દિનેશભાઇ બ.નં. ૧૩૩૧ તથા એલ.આર. હર્ષદકુમાર ભીખાભાઇ બ.નં.૧૪૨૭ તથા એલ.આર. જિગ્નેશકુમાર દિનેશભાઇ બ.નં.૧૫૧૧ એ રીતેના સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા-ફરતા રાત કલાક ૦૩/૧૫ વાગે અમરાઇવાડી સ્વસ્તિક ચાર રસ્તા પાસે આવતા **એલ.આર. આશિષ દિનેશભાઇ બ.નં.૧૩૩૧ તથા એલ.આર. હર્ષદકુમાર ભીખાભાઇ બ.નં.૧૪૨૭** નાઓને બાતમી હકીકત મળેલ કે ”અમરાઇવાડી ભીલ સોસાયટી મ.નં.૫૦૮ માં રહેતા અર્જુન કીશોરભાઇ ભીલ નાનો અમરાઇવાડી ભીલસોસાયટીની બાજુમા પઠાણની ચાલી પાસે, શંકરલાલ જીવાલાલની ચાલીના ઇલેક્ટ્રીક મીટર નં. S.NO. 2150420 વાળા મકાનની ઓરડી નં.-૩ મા ગે.કા. રીતે કેટલોક ઇગ્લીશ દારૂનો જથ્થો પોતાના આર્થિક ફાયદા માટે વેચાણ કરવા સારૂ સંગ્રહ કરી રાખેલ છે અને થોડી વારમાં સગે-વગે કરે તેવી શક્યતા છે “ જે બાતમી હકિકત આધારે સદરી જગ્યાએ રેઇડ કરી સદર બાતમી હકિકત વાળા મકાનમાથી ગે.કા. ભારતીય બનાવટની OFFICER CHOICE CLASSIC WHISKY, ફોર સેલ ઇન રાજસ્થાન ઓનલી લખેલ ઇંગ્લિશ દારૂની બોટલો નંગ-૧૦૮ કિમત રૂ. ૫૪,૦૦૦/- ની મત્તાનો પ્રોહિ. મુદ્દામાલ કબ્જે કરી વોન્ટેડ આરોપી અર્જુન કીશોરભાઇ ભીલ રહે.- ૫૦૮, ભીલ સોસાયટી, સ્વસ્તિક ચાર રસ્તા પાસે અમરાઇવાડી અમદાવાદ શહેર નાની વિરુધ્ધમા કાયદેસર કાર્યવાહી કરેલ છે. તા.૨૫/૦૭/૨૦૨૦.

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૩૯/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૨ કેસ કરી, ૯૪ વ્યક્તિઓને ઝડપી, ૭૭૭ લીટર દેશી દારૂ, ૪૪૧ ઈંગ્લીશ દારૂ, ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ સ્કૂટર, ૨ રિક્ષા અને ૧ પીક અપ ડાલુ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૦૯,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૪૦/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૪૧/૨૦૨૦</u>**

**અમરાઇવાડીઃ** કૌશીક પીતામ્બરનાથ શુક્લા (રહે. સરસ્વતી એપાર્ટમેન્ટ ઉત્કર્ષ સ્કુલની બાજુમાં પોસ્ટ ઓફિસ સામે અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૦ બપોરના ૧૨/૩૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન અમરાઇવાડી આઝાદ ચોક શાક માર્કેટ પાસે "એસ.પી જવેલર્સ" નામની સોના-ચાંદીના દાગીનાની પોતાની દુકાનમાં ગ્રાહક બની આવેલ બે પુરૂષ કૌશિક શુકલાની નજર ચુકવી દુકાનમાંથી સોનાની બુટ્ટી સાત જોડી કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, સોનાના પેડલ નંગ-૨ કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- અને ચાંદી ૫૫૦ ગ્રામ કિમત રૂપિયા ૩૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** રમેશચંદ્ર વાડીલાલ મોદી (ઉ.વ.૫૭) (રહે. અમી એપાર્ટમેન્ટ ટેલીફોન એક્ષચેન્જની બાજુમાં નારણપુરા) એ તા.૨૪/૦૭/૨૦૨૦ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૦ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે અમી એપાર્ટેમેન્ટના મકાનમાં આવેલ જયમાડી સેલ્સ નામની હાર્ડવેરની પોતાની દુકાને એક પુરૂષ લાકડાના હાથા બતાવવાનુ કહેતા રમેશચંદ્ર દુકાનમાં લાકદાના હાથા લેવા ગયા હતા દરમ્યાન રમેશચંદ્રની નજર ચુકવી દુકાનના કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૩૩,૫૦૦/- ચોરી કરી લઇ જતો રહ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.મકવાણા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૪૨/૨૦૨૦**

**ચાંદખેડાઃ** નીરૂબહેન લાખાભાઇ રાતળીયા (ઉ.વ.૨૭) (રહે. શિલ્પ કોટીયાર્ડ ટી.પી-૪૪ ચાંદખેડા) ના પતિનુ તા.૨૨/૦૭/૨૦૨૦ ના રોજ અવસાન થતા નીરૂબહેનને મનમાં લાગી આવતા તા.૨૨/૦૭/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યે પોતાના ઘરે એસિડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન દરમ્યાન તા.૨૪/૦૭/૨૦૨૦ બપોરના ૪/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.દેસાઇ ચલાવે છે.

**શાહીબાગઃ** અજયભાઇ બાદજી ઠાકોર (ઉ.વ.૨૫) (રહે. ઉમિયાનગર બાપુનગર) એ ગંભીર બિમારીના કારણે તા.૨૧/૦૭/૨૦૨૦ નારોજ સીવીલ હોસ્પીટલ ખાતે ફિનાઈલ પી લીધુ હતુ. સારવાર દરમ્યાન તા.૨૩/૦૭/૨૦૨૦ રાતના ૯/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઈ રતુજી ચલાવે છે.

**દાણીલીમડાઃ** વિજેન્દ્રસિહ રામસિહ વાઘેલા (ઉ.વ.૨૫) (રહે. ગાયત્રી એક્ઝેટીકા ખજુરી બસ સ્ટેશન પાસે ભમરીયા લાંભા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૭/૨૦૨૦ નારોજ નારોલ આસોપાલવ હોટલ પાછળ ન્યુ કર્ણાવતી ટ્રાન્સપોર્ટ નામના ગોડાઉનમાં ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.એન.મોરડીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી